# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક-બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ.

Phone : Office : +91-79-25391811 to 25391830, Fax : +91-79-25350926.
Website : www.ahmedabadcity.gov.in, Email: info@ahmedabadcity.gov.in


રેફ.નં. સીપીડી/અમ્યુકો/જનરલ/૨૬૨૫

તા.૦૨-૦૨-૨૦૧૮

સીટી પ્લાનીંગ ખાતુ ૨૬૨૫ ૦૩/૨/૧૮

પ્રતિશ્રી,
રણવીર વી. દેસાઇ તથા અન્ય,
S/O. વિસાભાઇ,
૫૪, રબારીવાસ, ગોતા, અમદાવાદ.

વિષય : મુ.ન.ર.યો.નં.૫૬(સોલા-ગોતા-ઓગણજ)માં મોજે-ગોતાના રે.સ.નં./બ્લોકનં.૪૩૦/૨, અં.ખં.નં.૧૫૨/૨માં વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય પાઠવવા બાબત.

સંદર્ભ :(૧) અરજદારની અરજી ઇ.નં.સીપીડી/અમ્યુકો/જનરલ/૨૬૨૫, તા.૦૯-૦૧-૨૦૧૭.
(૨)ન.ર.અ.શ્રીના અભિપ્રાયક્રમાંક :નં.નરયો/૫૬(સો.ગો.ઓ.)/કિસ નં.૧૪૦/૨/૧૪૦, તા.૨૪-૦૩-૨૦૧૭.
(અત્રેની કચેરીનો ઇન.નં.સીપીડી/અમ્યુકો/જનરલ/૨૬૨૫, તા.૦૬-૦૪-૨૦૧૭)
(૩)મ્યુનિસિપલ કમિશનરશ્રી ના તા. ૨૦-૦૧-૨૦૧૮ ના નિર્ણય.
(૪) ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી(ટી.પી.)ના તા. ૩૧-૦૧-૨૦૧૮ ના નિર્ણય.

મુ.ન.ર.યો.નં.૫૬(સોલા-ગોતા-ઓગણજ)માં મોજે-ગોતાના રે.સ.નં./બ્લોકનં.૪૩૦/૨, અં.ખં.નં.૧૫૨/૨ માં નગર રચના અધિકારીશ્રી દ્વારા સંદર્ભ-૨ થી વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય પાઠવવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

નગર રચના અધિકારીશ્રી દ્વારા ફાળવવામાં આવેલ અં.ખં.નં.૧૫૨/૨માં નેટડિમાન્ડની રકમ/ નિયત ફી અ.મ્યુ.કો.માં જમા કરાવેલ છે. પરંતુ ફાઇનલ ટી.પી.સ્કીમના એફ ફોર્મ મુજબ થનાર નેટ ડીમાન્ડની રકમ સામે વધ/ઘટ રકમ આપવાની/ લેવાની રહેશે તે શરતે તથા નગર રચના અધિકારીશ્રી દ્વારા સંદર્ભ-૨ થી પાઠવવામાં આવેલ અભિપ્રાય મુજબ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા જે કોઇ ફેરફાર કરવામાં આવે તે બંધનકર્તા રહેશે તે મુજબની શરતે વિકાસ પરવાનગી માટે અ.મ્યુ.કોર્પો.માં અરજી કરી શકશો.

ખાસ શરત : ન.ર.અ.શ્રી દ્વારા સ્થાન ફેર કરીને ફાળવેલ અંતિમખંડ નં.૧૫૨/૨ માં વિકાસ પરવાનગી મેળવવા માટે, સરકારશ્રી દ્વારા મંજુર થયેલ મુ.ન.ર.યોજનાની દરખાસ્ત મુજબના તે સ્થાને સુચવેલ અંતિમખંડ/અંતિમખંડો વાળી જગ્યાનો કબજો મળેલો હોવો જોઇએ.

ચીફ સીટી પ્લાનર I/C

બિડાણ : ન.ર.અ.શ્રીના અભિપ્રાયક્રમાંક :નં.નરયો/૫૬(સો.ગો.ઓ.)/કિસ નં.૧૪૦/૨/૧૪૦, તા.૨૪-૦૩-૨૦૧૭ ની નકલ.

નકલ રવાના : નગર રચના અધિકારીશ્રી,નગર રચના અધિકારીની કચેરી, ઔડા એકમ-૮, પ્રથમ માળ, ઔડા કોમ્યુનીટી હોલ, દિનદયાલ વાંચનાલયની ઉપર, ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ

ફોન નં. ૦૭૯ – ૨૭૪૯૯૮૪૨

# નગર રચના અધિકારીની કચેરી

## નગર રચના યોજના, એકમ – ૮

પ્રથમ માળ, 'ઔડા' કોમ્યુનીટી હોલ, દિનદયાળ વાંચનાલયની ઉપર,સુશીલનગર સોસાયટીની બાજુમાં, ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ ૩૮૦૦૫૨.

નં: નરયો /૫૬(સો.ગો.ઓ.)/ કેસ નં. ૧૪૦/૨/ ૬૪૦ તા.૨૪/૦૩/૨૦૧૭

સીટી પ્લાનીંગ ખાતુ અ. મ્યુ. કોર્પો. જનરલ ૨૬૨૫ તારીખ ૦૩/૫/૧૭

પ્રતિ,
આસી. સીટી પ્લાનરશ્રી
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન,
અમદાવાદ.

વિષય: મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૬ (સોલા–ગોતા–ઓગણજ) મોજે–ગોતાના રેવન્યુ સર્વે નં.૪૩૦/૨, અં.ખં. નં. ૧૫૨/૨ માં વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભ: આપશ્રીનાં તા. ૧૮.૦૩.૨૦૧૭નાં પત્ર નં. સીપીડી/ અ.મ્યુ.કો/ જનરલ/ ૨૬૨૫.

ઉપરોક્ત વિષયાન્વયે સંદર્ભના પત્રથી નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ની કલમ ૪૯ (૧) (ખ) ના અનુસંધાને અત્રેના અભિપ્રાય સારૂં પ્રકરણ પાઠવી આપેલ છે. જે અન્વયે સંબંધિત મુળખંડની સામેના સુચિત અંતિમખંડની હદો યોજનાના પ્લાનના સદરહું અંતિમખંડની હદો આ સાથે સામેલ નકશામાં દર્શાવેલ છે. જેથી નીચેની વિગતો / શરતોને ધ્યાને લઈ અંતિમખંડની હદો તથા ક્ષેત્રફળ બાબતેનો અભિપ્રાય પાઠવી આપેલ છે.

૧) મુસદારૂપ યોજનાની દરખાસ્ત નીચે મુજબ છે.

| સ.નં. | મુળખંડ નંબર | મુળખંડ ક્ષેત્રફળ | અંતિમખંડ નંબર | અંતિમખંડ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ૪૩૦ | ૧૫૪ | ૧૦૮૨૫ | ૧૫૨ | ૬૪૯૫ |

૨) અત્રેથી તૈયાર કરાયેલ પુન:રચનાની કામચલાઉ દરખાસ્ત નીચે મુજબ છે.

| સ.નં. | મુળખંડ નંબર | મુળખંડ ક્ષેત્રફળ | અંતિમખંડ નંબર | અંતિમખંડ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ૪૩૦/૨ | ૧૫૪/૨ | ૫૫૫૦ | ૧૫૨/૨ | ૩૩૩૦ |

૩) સદરહુ લેઆઉટ પ્લાનમાં દર્શાવેલ મુસદારૂપ યોજનાની દરખાસ્તો અન્વયેના મુળખંડ તથા અંતિમખંડની હદો, ક્ષેત્રફળ તથા સ્થળસ્થિતી બાબતે સદરહુ યોજના આખરી કરતી વખતે નગર રચના અધિકારી જે ફેરફાર કરે તે અરજદારને બંધનકર્તા રહેશે.

૪) નગર રચના યોજનાના હેતુ માટે મુળખંડની માલીકી / ક્ષેત્રફળ રેવન્યુ રેકર્ડ મુજબ (૭/૧૨મુજબ) સામાન્ય કિસ્સામાં ગણવાનું રહેશે. તેમજ મુળખંડમાં એક કરતા વધુ માલીકો હોય તેવા કિસ્સામાં અંતિમખંડમાં માલીકોના હકક / હિસ્સા તેઓના મુળખંડમા રહેલ હકક હિસ્સાના પ્રમાણમાં રહેશે.

૫) મુળખંડની માલીકી , ક્ષેત્રફળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તે સમયના કપાતના ધોરણો તેમજ અન્ય તમામ સંબંધકર્તા બાબતોની વિગતવારની ચકાસણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા કરવાની રહેશે.

૬) લેઆઉટની તથા બાંધકામના પ્લાનની વિગતવાર ચકાસણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

૭) અંતિમખંડમાં ભળતી બાજુના લાગુ મુળખંડની જમીનમાં વિકાસ કરવા બાબતે અરસ-પરસ સંમતી / સમજુતીથી / અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફતે સંમતી મેળવીને વિકાસ કરવાનો રહેશે.

૮) સવાલવાળી જમીનને હાલમાં કાયદેસરનો સ્વતંત્ર એપ્રોચરોડ મેળવવા ની જવાબદારી માલીકોની રહેશે.

૯) સદરહું અભિપ્રાય મુજબ સ્થળે ડીમાર્કેશન સહિતની તમામ વિગતોની ચકાસણીની જવાબદારી "અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની "રહેશે.

૧૦) અત્રેથી તૈયાર કરેલ કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત મુજબ **અંતિમખંડ નંબર.૧૫૨/૨** ની ફેરફારવાળી હદો લેઆઉટમાં લાલ રંગથી દર્શાવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

રજુ થયેલ પ્લાનની એક નકલ કચેરીના રેકર્ડ સારૂ રાખી બાકીની બે નકશાની નકલો તેમજ અભિપ્રાય ની સોફ્ટકોપી આ સાથે પાઠવી આપેલ છે. જે વિદીત થાય.

બિડાણ :- ઉપર મુજબ.

નગર રચના અધિકારી,
નગર રચના યોજના,
એકમ-૮, અમદાવાદ